૨૧

આંતરજ્ઞાતિય લગ્ન કરનાર યુગલોને
પ્રોત્સાહન આપવા બાબત.
ડૉ સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન
સહાય યોજના અમલમાં મુકવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:એમ.બી.સી/૧૧૯૭/ન.બા.૮/ગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૩/૦૨/૨૦૧૯

**વંચાણે લીધા:**

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય ગાંધીનગરનો ઠરાવ ક્રમાંક: એમબીસી/૧૧૯૪/૨૩૪૭/જ. તા. ૧૬/૧૧/૧૯૯૫.

(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય ગાંધીનગરનો ઠરાવ ક્રમાંક: એમ.બી.સી/૧૧૯૭/ન.બા.૮/ગ, તા. ૧૧/૧૨/૧૯૯૮

(૩) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય ગાંધીનગરનો ઠરાવ ક્રમાંક: એમ.બી.સી/૧૧૯૭/ન.બા.૮/ગ, તા. ૧/૪/૨૦૦૦.

**સુધારા ઠરાવ:**

હિંદુ ધર્મના અનુસૂચિત જાતિના અને સવર્ણ જાતિના વ્યક્તિઓ વચ્ચેના લગ્નને "સામાજીક સમરસતા" ના ભાગરૂપે ડૉ સવિતાબેન આંબેડકર આંતર જ્ઞાતિય લગ્ન સહાય યોજના અમલમાં છે. અસ્પૃશ્યતા દુર કરવાના ભાગરૂપે અનુસૂચિત જાતિ તથા બિન અનુસૂચિત જાતિ વચ્ચે આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના અમલમાં છે. આ યોજનાના તા.૧/૪/૨૦૦૦ના ઠરાવમાં "સવર્ણ હિન્દુ" શબ્દનો ઉલ્લેખ થયેલ છે. આથી "સવર્ણ હિન્દુ" શબ્દની જગ્યાએ "હિંદુ ધર્મની અનુસૂચિત જાતિ સિવાયની અન્ય જાતિની વ્યક્તિ" શબ્દ વંચાણે લેવાનો રહેશે.

ઉક્ત સુધારા ઠરાવ વિભાગના અગ્ર સચિવશ્રીની તા.૧૧/૦૨/૧૯ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિષ્ણુ પટેલ),
ઉપ સચિવ,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:

- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(સા.ન્યા)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સરદાર ભવન , સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, અગ્ર સચિવશ્રી(સા.ન્યા)નું કાર્યાલય, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર.
- નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, બ્લોકનં ૪, ડૉ જીવરાજ મહેતા ભવન, સચિવાલય, ગાંધીનગર.
- તમામ નાયબ નિયામકશ્રીની કચેરી, તમામ જિલ્લા (મારફત નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,)
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ (વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ)
- સિલેક્ટ ફાઇલ.